# હિંમતનગરના કાંકરોલ નજીક સાડા ત્રણ કિલો અફીણના જથ્થા સાથે ત્રણ શખ્સો ઝડપાયા

હિંમતનગર, તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના કાંકરોલ ગામ નજીકથી બાતમીના આધારે પોલીસે વોચ દરમિયાન પોણા-બે લાખના અફીણના જથ્થા સાથે ત્રણ શખ્સોની ધરપકડ કરી હતી. પોલીસે આ ત્રણેય શખ્સ વિરુધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લા એ.ઓ.જી. શાખાના પી.આઈ એસ.એસ. પટેલને મળેલી બાતમીના આધારે એસ.ઓ.જી. ટીમના સભ્યો દલજીતસિંહ નટવરસિંહ, નાથાભાઈ સાથે મળી હિંમતનગર-શામળાજી નેશનલ હાઈ-વે નંબર-૮ પર કાંકરોલ ગામ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન સાંજે ૪ વાગ્યાના સુમારે બાતમી સ્થળે રાજસ્થાનના ભીલવાડા તરફથી આવતી મારૂતી વાન નં આર.જે. ૦૬ યુ.એ. ૩૬૦૬ને પોલીસે રોકી તેની તપાસ કરતાં બે પ્લાસ્ટીકની થેલીમાંથી ૩ કિલો ૫૦૦ ગ્રામ અફીણનો જથ્થો મળી આવ્યો હતો. જેની કિં. રૂ. ૧.૭૫ હજાર થાય છે. આથી એસ.ઓ.જી. પોલીસે બે લાખની કાર મળી કુલ ૩.૭૫ લાખનો મુદ્દામાલ કબજે લઈ રાજસ્થાનના ત્રણ શખ્સો નારણલાલ સુવાલાલ કલાલ, ભેરુલાલ સમરાજી ગુર્જર અને બજરંગ બંસીલાલ ઢોલીની ધરપકડ કરી તેમના વિરુધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સવગઢ ગ્રામ પંચાયતનાં મહિલા સરપંચને પદ પરથી દૂર કરાયાં

હિંમતનગર, તા. ૧૦

હિંમતનગરને અડીને આવેલી પ્રથમ હરોળની સવગઢ ગ્રામ પંચાયતના મહિલા સરપંચની વિરૂદ્ધમાં ૩ માસના ટૂંકા સમયમાં ચૂંટાયેલા તમામ ૧૩ સભ્યો અવિશ્વાસની દરખાસ્ત લાવતા તાલુકા વિકાસ અધિકારી મહિલા સરપંચને હોદ્દા ઉપરથી દૂર કરી ઉપસરપંચને હોદ્દાનો ચાર્જ સુપરત કરેલ છે.

ત્રણેક માસ અગાઉ યોજાયેલ હિંમતનગર તાલુકાની ૭૦ જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ હતી. જેમાં શહેરને અડીને આવેલ સવગઢ ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ હતી. જેમાં સરપંચપદે રમાબેન દિનેશભાઈ વોરા સહિત ૧૩ સભ્યો ચૂંટાઈ આવ્યા હતા. સરપંચપદ મળતાની સાથે જ સરપંચ દ્વારા મનસ્વીપણે ચૂંટાયેલા સભ્યોને વિશ્વાસમાં લીધા સિવાય કામગીરી હાથ ધરાતા સભ્યોમાં સરપંચ પ્રત્યે ભારે નારાજગી પ્રવર્તી હતી અને તે સમયે મહિલા સરપંચની નીતિ-રીતિ સામે સભ્યોએ હોહા કરી વિરોધ પ્રદર્શિત કરતા સવગઢ વિસ્તારમાં રહેતા ભાજપના એક પદાધિકારીએ સમાધાનકારી વલણ અપનાવી સભ્યો અને સરપંચ વચ્ચે સુલેહ કરાવ્યો હતો પરંતુ થોડાક દિવસ બાદ ફરી પાછુ વિકાસના કામોને લઈ સભ્યો અને સરપંચ વચ્ચે વિવાદ ઉભો થવા પામ્યો હતો.

આ વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા ચૂંટાયેલા તમામ ૧૩ સભ્યો એક થઈને મહિલા સરપંચ રમાબેન વોરા વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્તનો પ્રસ્તાવ તાલુકા વિકાસ અધિકારી વસંતભાઈ સોલંકી સમક્ષ રજુ કરતાં તેમણે ગ્રામપંચાયતની સભા બોલાવવાનો તલાટીકમમંત્રી રમેશભાઈ પટેલને આદેશ કર્યો હતો.જેને લઈ તલાટીએ તા. ૪-૪-૨૦૧૨ના રોજ સભા બોલાવી અવિશ્વાસની દરખાસ્ત અંગે કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં ૧૩ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્તની તરફેણમાં પોતાનો મત વ્યક્ત કરતા તલાટીએ આગળની કાર્યવાહી કરવા તાલુકા વિકાસ અધિકારીને મોકલી આપતા તાલુકા વિકાસ અધિકારીએ મહિલા સરપંચ રમાબેન વોરાને ગેરલાયક ઠરાવી સરપંચના હોદ્દાનો ચાર્જ ઉપસરપંચ વલીભાઈ મરોડીયાને સુપરત કર્યો છે. ૩ માસના ટૂંકા સમયમાં મહિલા સરપંચને ગેરલાયક ઠરાવાતા જિલ્લાભરમાં આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બનવા પામ્યો છે.

# ડુંગરાળ જમીનમાં પણ આંબાની સફળ ખેતી કરતા કાન્તીભાઈ ડામોર

મેઘરજ, તા. ૧૦

મેઘરજ તાલુકાના કંટાળુ ગામના અને વકીલાત સાથે સંકળાયેલા ખેડૂતે ડુંગરાળ જમીનમાં આંબાની સફળ ખેતી કરી છે. અને છેલ્લા ત્રણ વર્ષથી ઉજ્જડ જમીનમાં કેસર અને બદામ કેરીનું ઉત્પાદન કરી રહ્યા છે. ઉપરાંત આ પર્યાવરણ પ્રેમી ખેડૂતે પોતાની અન્ય જમીનોમાં પણ અનેક ફળો આપતા ઝાડ ઉગાડ્યા છે.

મેઘરજ તાલુકો અંતરિયાળ વિસ્તારમાં ગણવામાં આવે છે. ત્યારે તાલુકાના કંટાળુ ગામના કાન્તીભાઈ ધર્માભાઈ ડામોર કે જેઓ વકીલાત કરે છે. તેઓએ પાણીની ઓછી સુવિધા ધરાવતા વિસ્તારમાં અને તેમાંય ડુંગરાળ જમીનમાં આંબાની ખેતી કરી છે. પોતાની આઠ વિઘા જમીનમાંથી દોઢ વિઘા જમીનમાં તેઓએ આંબાની ખેતી કરી છે. જેમાં વલસાડી કેરીના ૭૦ થી ૮૦ છોડ, બદામ કેરીના ૪૦ થી ૪૫ છોડ, ટ્રાયબલ યોજનામાં પ્રોજેક્ટ કચેરી ખેડબ્રહ્માથી મફતમાં લાવી વાવેતર કર્યું હતું અને અત્યાર સુધીમાં ત્રણ વાર કેરીના ફળ લીધા છે. આ અંગે કાન્તીભાઈ ડામોરે જણાવ્યું હતું કે ડુંગરાળ જમીનમાં દેશી પદ્ધતિથી આંબા ઉછેરતા એકદમ મીઠી કેરી મળે છે. વધુમાં તેઓએ ખેતરના શેઢે વાસ, જામફળ, લીંબુ, લીંબોડી, મોસંબીના ઝાડનું પણ વાવેતર કર્યું છે. તેમ જણાવ્યું હતું. કમાણી કરવા કરતા પર્યાવરણ જાળવણીને મહત્વ આપી તેઓએ ઝાડ ઉગાડ્યા છે અને કેરી પાકતા જ વેચવાને બદલે સગા સંબંધીઓ તેમજ મિત્રોને પહોંચી જઈ પોતે સંતોષ માને છે.

# ડીસા શહેરમાં ખાનગી દવાખાનામાં ડીગ્રી વગરનો સ્ટાફ કામ કરતો હોવાની ફરિયાદ

ડીસા, તા.૧૦

ડીસા શહેરમાં પ્રાઈવેટ દવાખાના બિલાડીના ટોપની જેમ ધમધમવા લાગ્યા છે. દર વર્ષે નાના મોટા નવા દવાખાના અને હોસ્પિટલો બનતી રહે છે. જો કે લોકોની જીંદગી બચાવી લેનાર અને રોગીને રોગમુકત કરી તંદુરસ્ત બનાવતા આરોગ્ય ધામોમાં દર વર્ષે વધારો થવો એ સારી બાબત છે. પરંતુ ડીસા શહેરમાં ચાલતા દવાખાના પૈકી મોટા ભાગના દવાખાનામાં નીતિ નિયમોની સરેઆમ ધજીયા ઉડાડતા રહ્યા છે અને દર્દીના આરોગ્ય સાથે ચેડાં થવાની સાથે આર્થિક રીતે પણ તેમને પાયમાલ કરી નાંખવામાં આવે છે.

મળતી માહિતી અનુસાર ડીસા શહેરમાં કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ વ્યકિતગત દવાખાના કે હોસ્પિટલમાં ડીગ્રી વગરનો સ્ટાફ કામ કરી રહ્યો છે. જે ઓપરેશન થિયેટર સુધીની જવાબદારી સંભાળે છે. ધોરણ-૧૦ પાસ કે નાપાસ ગામડાના છોકરાને હજાર-પંદરસો માસિક પગારે રાખી તેમની પાસે જુનિયર ડોકટરનું કામ લેવામાં આવે છે. તેઓ દર્દીને ઈંજેકશન આપે છે, ઘા સાફ કરે છે, લોહીના નમૂના લે છે તેમજ દવા જોવા સહિતની કામગીરી સંભાળે છે. દર્દીઓને આડેધડ ઈંજેકશન અને દવાઓના ડોઝ આપી આરોગ્ય સાથે સરેઆમ ચેડાં કરવામાં આવે છે. આમ મોટાભાગના દવાખાનામાં ડીગ્રી વિનાનો સ્ટાફ કામ કરી રહ્યો છે. છતાં આ બાબતે આરોગ્ય વિભાગ આંખ આડા કામ કરી રહ્યું છે. આવી જ હાલત હાલ લેબોરેટરીઓ, મેડીકલ સ્ટોર્સની પણ છે. જો દવાખાના મેડીકલ સ્ટોર અને લેબોરેટરીઓમાં સ્ટાફની ડીગ્રી અંગે તપાસ કરવામાં આવે તો મોટા ભાગની સંસ્થાઓ શકના દાયરામાં આવી જાય તેમ છે.

# સ્થાનિક સ્વરાજયની પેટા ચૂંટણીઓમાં ૨૨ બેઠકો પર ભાજપે મેળવેલો વિજય


ગાંધીનગર, તા.૧૦

માણસા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી હારી ગયા બાદ સ્થાનિક સ્વરાજયની ૩૨ બેઠકોની પેટા ચૂંટણીના જાહેર થયેલા પરિણામોમાં ભાજપે ૨૨ બેઠકો પર વિજય મેળવીને કોંગ્રેસને કારમો પરાજય આપ્યો છે.

તાજેતરમાં જ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ૩૨ બેઠકોની પેટા ચૂંટણીઓ યોજાઈ હતી. આ ચૂંટણીના આજે જાહેર થયેલા પરિણામોમાં ૩૨માંથી ૨૨ બેઠકો પર ભાજપના ઉમેદવારોએ કોંગ્રેસના ઉમેદવારોને પરાજય આપીને વિજય મેળવ્યો છે. જયારે કોંગ્રેસ પક્ષને ૩૨ બેઠકોમાંથી માત્ર નવ બેઠકો પર જ વિજય મળ્યો છે.

તાજેતરમાં જ યોજાયેલી માણસા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં કોંગ્રેસે આઠ હજારથી વધુ મતોની સરસાઈથી વિજય મેળવીને આ બેઠક ભાજપ પાસેથી આંચકી લીધી હતી. આ પરિણામથી કોંગ્રેસના કાર્યકરોમાં એક ઉત્સાહ જાગવા પામ્યો હતો જયારે ભાજપને ઝાટકો લાગવા પામ્યો હતો.

પરંતુ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ૩૨ બેઠકોની યોજાયેલી પેટા ચૂંટણીના આજે જાહેર થયેલા પરિણામોમાં ભાજપે ૨૨ બેઠકો પર વિજય મેળવીને કોંગ્રેસને ઝાટકો આપી દીધો છે. આ પરિણામોથી ગ્રામ્ય અને કેટલાક શહેરી વિસ્તારોમાં ભાજપનો દબદબો હજુ પણ અકબંધ હોય તેવું સ્પષ્ટ દેખાઈ આવે છે. નવ બેઠકો પર વિજય મળતાં કોંગ્રેસ પોતાની બેઠકો જાળવી રાખી હોવાનો દાવો કરી રહ્યું છે જો કે ખરેખર આ પેટા ચૂંટણીમાં કોંગ્રેસની સાત જેટલી બેઠકો ભાજપે આંચકી લીધી હોવાનું મનાઈ રહ્યું છે.



ઉનાળાની ધોમધખતી ગરમીમાં એક રાહદારીએ બિન્દાસથી લંબાવીને મીઠી નિંદર માણતો નજરે પડે છે. (તસવીર : હેમુભા વાઘેલા)

# વિશ્વશાંતિનો સંદેશો લઈ મોહંમદ હુસેન સાયકલ પ્રવાસે નીકળ્યા

ઊંઝા, તા. ૧૦

કહેવાય છે કે, અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી. શરીરથી દુર્બળ પરંતુ મનથી મક્કમ એવા ઉત્તરપ્રદેશના પીલીભીંત જિલ્લાના હુસૈનપુર ગામના એક નિવૃત્ત આર્મિમેન મોહંમદહુસેન ઉ.વ.૭૨ વિશ્વશાંતિનો પૈગામ લઈને છેલ્લા ૧૨ વર્ષથી ભારતયાત્રાએ નીકળ્યા છે. અત્યાર સુધીમાં તેમણે ૬ લાખ ૧૩ હજાર ૮૫૭ કિ.મી.નો પ્રવાસ ખેડી આજે સાયકલ પર ઊંઝા આવી પહોંચ્યા હતા. સમગ્ર વિશ્વમાં લોકો એકબીજા સાથે શાતિ અને ભાઈચારાથી રહે. દેશમાં આતંકવાદ અને ભ્રષ્ટાચાર નાબૂદ થાય તેમજ ગૌહત્યા અટકે તે હેતુથી ગત તા. ૧ જાન્યુઆરી ૨૦૦૦થી તેઓ સાયકલ પર યાત્રાએ નીકળ્યા છે.

જેઓ હિન્દુ-મુસ્લિમના ભેદભાવ ભુલી વિશ્વશાંતિનો સંદેશ ફેલાય તેવી નેમ સાથે યાત્રા કરી રહ્યા છે. તેમની પાસે હિન્દુઓના દેવ-દેવીઓ જેવા કે, ગણેશ-સરસ્વતી તેમજ અન્ય ભગવાનના ફોટાઓ છે. તેઓ ઈશ્વર અને અલ્લાહને એક જ માને છે. મુસ્લિમ હોવા છતાં તેઓ શાકાહારી છે. અને યુ.પી.માં તેમની શાકાહારી હોટલ પણ ધરાવે છે. તેઓ જે ગામ કે શહેરમાં સાયકલ લઈને જાય છે ત્યાં મંદિર મસ્જિદ કે ગુરૂદ્વારા જેવા ધાર્મિક સ્થાનકોમાં આશરો મેળવે છે. તેઓ ૨૪ કલાકમાં ૧૫ કિ.મી.નું અંતર કાપે છે.

ભારતના દરેક રાજયમાં શાંતિનો સંદેશ ફેલાવાના આશયે નીકળેલ આ પીઢ મુસ્લિમ વ્યક્તિ જે તે જિલ્લા કલેક્ટર તેમજ અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે મુલાકાત કરે છે. તેઓ ઉત્તરપ્રદેશથી નીકળીને કલકત્તા, બંગાળ, બિહાર, આસામ, ઉત્તરાંચલ, હરિયાણા, રાજસ્થાનની સફર ખેડીને હવે ગુજરાતમાં પ્રવેશ્યા છે. મોહમંદહુસેન હવે ગુજરાતમાંથી નીકળીને મહારાષ્ટ્રના મુંબઈ માલેગાંવ પુના ત્યાર બાદ દક્ષિણ ભારતના રાજ્યો કેરલ અને કર્ણાટક ફરીને કન્યાકુમારીમાં પોતાના સાયકલયાત્રા પુરી કરશે તેવું તેમણે જણાવ્યું હતું.

મોહમંદહુસેને ઊંઝા ખાતે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, તેઓ સૈન્યમાં ડ્રાયવર તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે શરીરના ભાગે ઘાયલ થતાં નિવૃત્તી લીધી હતી. સાયકલ પર ભારતભ્રમણ પર નીકળેલ આ નિવૃત્ત ફૌજીએ માર્ગમાં પોતાને થયેલ કડવા-મીઠા અનુભવોનું વર્ણન કર્યું હતું. તેઓને જંગલ-પહાડી અને દુર્ગમ વિસ્તારોમાંથી પસાર થતી વેળા કેટલીયવાર બે ચાર દિવસ સુધી ભોજન મેળવવું કઠીન થઈ પડ્યું હતું. જેથી તેઓને વૃક્ષોના લીલાં પાન ખાઈને દિવસો વિતાવવા પડ્યા હતા. માથે સફેદ ટોપી અને કાળા કુર્તાધારી આ સાયકલીસ્ટ ચોર લૂંટારૂઓનો પણ ભોગ બન્યા હતા.

# પાલનપુર તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં ભાજપનો જયજયકાર

પાલનપુર, તા. ૧૦

પાલનપુર તાલુકા પંચાયતની ગત ૮મી એપ્રિલે છ બેઠકો ઉપર યોજાયેલ પેટા ચૂંટણીના આજે પરિણામો જાહેર થતાં છ માંથી પાંચ બેઠકો ઉપર ભાજપના ઉમેદવારો વિજયી જાહેર થયા હતા. આથી ભાજપની છાવણીમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી હતી. પાલનપુર તાલુકા પંચાયતની છ બેઠકોની પેટા ચૂંટણીમાં કોંગ્રેસના છ સભ્યો ગેરલાયક થતા ખાલી પડી હતી. આમ ભાજપે કોંગ્રેસ પાસેથી પાંચ બેઠકો આંચકી લેતા પાલનપુર તાલુકા પંચાયતમાં કુલ ૨૯ બેઠકમાંથી ભાજપની ૧૭ની બહુમતી થઈ ગઈ છે. અગાઉ કોંગ્રેસની ૧૭ બેઠક હતી જ્યારે ભાજપની ૧૨ બેઠકો હતી. હવે કોંગ્રેસના કાણોદરના સભ્યે રાજીનામુ આપી દિધુ હોવાથી કોંગ્રેસની ૧૧ બેઠકો જ છે.

આમ તાલુકા પંચાયતની પેટા ચૂંટણીઓના પરિણામો ભાજપ તરફી લાવવામાં પાલનપુરના ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતી, ધારાસભ્ય વસંતભાઈ ભટોળ, જિલ્લા ભાજપના અધ્યક્ષ ડૉ. કે.એસ. મોગરા, પાલનપુર તાલુકા ભાજપના અધ્યક્ષ ખુશાલભાઈ અંબાણી, જયેશભાઈ દવે અને તેમની ટીમે ઉઠાવેલ જહેમતના લીધે આ પરિણામો બાદ ભાજપે પાલનપુર તાલુકા પંચાયતનો કબજો કોંગ્રેસ પાસેથી મેળવી લઈને ભાજપનો ભગવો લહેરાવી દીધો છે.

# ગુજરાત રાજય નિવૃત્ત કર્મચારીઓના પ્રશ્નો ઉકેલવા માંગ

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત રાજય નિવૃત્ત કર્મચારી મહામંડળના મહામંત્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, છેલ્લા ઘણા વર્ષોથી ગુજરાત રાજયના નિવૃત્ત કર્મચારીઓના પ્રશ્નો વણઉકલ્યા પડયા છે. આ સંદર્ભે ગુજરાત રાજયના મુખ્યમંત્રીને પત્ર લખી જાણ પણ કરવામાં આવી છે તથા યોગ્ય ઉકેલ લાવવા અનુરોધ કર્યો છે. નિવૃત્ત કર્મચારી મહામંડળે મુખ્યમંત્રીને પત્રમાં પોતાના અટવાયેલા પ્રશ્નો અંગે રજૂઆત કરી છે. તેઓની માંગ છે કે, બે હપ્તા રોકડમાં આપવા, એસ.ટી.માં ૫૦ ટકા રાહત આપો, ૭ ટકા મોંઘવારી આપો તથા મેડીકલના હુકમો થાય તેની પેન્શનર્સ રાહ જોઈને બેઠા છે. ૧લી મે ગુજરાત રાજયનો સ્થાપના દિન હોઈ મુખ્યમંત્રી કર્મચારીઓ માટે મોંઘવારી-મેડીકલનો નિર્ણય જાહેર કરે તેવી સૌમાં આશા બંધાઈ છે.



ઉનાળાની ગરમીમાં તરસ છીપાવવા ઠંડા-પીણાંના માટલાં બજારમાં આગમન થતાં જ ગ્રાહકોએ ખરીદી શરૂ કરી દીધી છે અને ઠંડા પાણી ચુસ્કી લઈ રહ્યાં છે. (તસવીર : હેમુભા વાઘેલા)

# જગુદણમાં મહાકાળી માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે

મહેસાણા, તા. ૧૦

મહેસાણા જિલ્લાના જગુદણ ગામે ૧૫ મી એપ્રિલને રવિવારના રોજ સવારે રોહિતવાસમાં મહાકાળી મંદિર ખાતે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે.

મહાકાળીની સ્થાપના અંગે એક કથા એવી પ્રચલિત છે કે, સોલંકી રાજા વનરાજ ચાવડા વિક્રમ સંવત ૧૫૧૨ના રોજ પાટણથી કાલરી ગામે પધાર્યા હતા. ત્યાના ઈન્દ્રપ ગામેથી હરજી મૂળા નામના શખ્સ જગુદન ગામે આવીને વસ્યા. તે સમયે સોલંકી પરિવારમાં સંતાન ન થવાથી ઉગમણી દિશામાં લીમડાના થડ નીચે ગામની પાદરે મહાકાલી માતાજી બિરાજમાન હતા. આજે પણ એજ મહાકાલી માતાજીનું સ્થાનક હયાત છે. ત્યાં જઈને તેમણે માતાજીની આરાધના કરી અને સંતાન પ્રાપ્તિ થઈ. ત્યારથી તેઓ મહાકાલી માતાજીના પૂજા- પાઠ કરે છે. રોહિત પરિવારમાં મહાકાલી પૂજાય છે. સોલંકી પરિવારે ગ્રામજનોના સહકારથી મહાકાલી માતાજીના મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન કરેલ છે તો દર્શનનો લાભ લેવા સૌને આમંત્રણ છે. શોભાયાત્રા સવારે ૯ થી ૧૧ કલાકે છે. સાંજે ૬.૦૦ કલાકે પૂર્ણાહૂતિ. દાતાશ્રીઓના ઉદાર હાથે દાનનો પ્રવાહ વહી રહ્યો છે.

## સમયસર

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પોલીસ તંત્ર માત્ર વીઆઈપી બંદોબસ્ત માટે જ છે? શહેરના વધતા વિકાસના પરીપ્રેક્ષ્યમાં પોલીસદળમાં કેમ વધારો થતો નથી. ન્યુ ગાંધીનગર વિસ્તારમાં મંજુર થયેલ પોલીસ મથક હજુ સુધી કેમ કાર્યાન્વિત થતું નથી. ચોથી જાગીરના પ્રતિનિધિ સમાન જો પત્રકાર સલામત ન હોય તો સામાન્ય નાગરિકની સલામતીનું શું? આ અને આવા અનેક પ્રશ્નો ગાંધીનગરની આવતીકાલ માટે ચિંતા ઉપજાવે છે. પત્રકાર પર હુમલો કોણે કર્યો, કયા ઈરાદે થયો, કેવા સંજોગોમાં કેવા પ્રકારના તત્વો દ્વારા કરાયો આ બધી જ બાબતો આવનારા દિવસોમાં પોલીસે પ્રજા સમક્ષ સ્પષ્ટ કરવી પડશે તો જ સલામતીનું વાતાવરણ ઉભુ થશે. નહીં તો અસલામતીના ભયે ગાંધીનગર ફફડતું રહેશે.


નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

જાહેર નિવિદા નં. ૨ સને ૨૦૧૨-૧૭

ગુજરાત રાજયના રાજયપાલ વતીથી કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ યોજના વિભાગ, પ્રાંત કચેરી પાસે, મુ.પો.તા. મોડાસા-૩૮૩૩૧૫ (ફોન : ૦૨૭૭૪-૨૪૬૩૯૨) દ્વારા માન્ય રજીસ્ટ્રેશન વર્ગ ઈ-૨ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી એક અંદાજિત રૂ. ૪.૧૯ લાખના કામ માટે સીલબંધ કવરમાં ટેન્ડરો મંગાવવામાં આવે છે.

૧. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા. ૧૬-૦૪-૨૦૧૨ સમય ૧૬.૦૦ કલાક સુધી
૨. ભરેલા ટેન્ડર રજીસ્ટર્ડ પોસ્ટ / સ્પીડ પોસ્ટથી પરત આપવાની છેલ્લી તા. ૨૩-૦૪-૧૨ સમય ૧૬.૦૦ કલાક સુધી.
૩. ટેન્ડર ખોલવાની તા. ૨૫-૦૪-૨૦૧૨ સમય ૧૨.૦૦ કલાકે

વધુ વિગતો માટે ઉક્ત કચેરીનો સંપર્ક કરવો તથા વિગતવાર ટેન્ડર નોટીસ www.statetenders.com વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

ક્રમાંક : નામાનિ/હિંમત/૧૨/૨૦૧૨



ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૯૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. | ૯૯૨૫૦૪૪૭૪૩ |
| | હિંમતનગર) | ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા | |
| | જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| અહેમદઉલ્લા શેખ | મોડાસા | ૯૯૧૩૫ ૮૭૧૪૫ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| પ્રવિણભાઈ સોની | મેઘરજ | ૯૪૨૮૫૫૪૯૫૪ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૯૩૨૮૩૧૧૫૭૫ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |



આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧


## ક્લીનચીટ...

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

અને અન્ય ૫૦ વ્યકિતગત સામે કરવામાં આવેલા આક્ષપો પણ સામેલ છે. મોદી સામેના આક્ષેપો પણ ગંભીર પ્રકારના છે. મોદી સામે આક્ષેપ છે કે તેઓએ ગોધરામાં સાબરમતી એક્સપ્રેસમાં માર્યા ગયેલા કારસેવકોના મૃતદેહો અમદાવાદમાં લાવવાની મંજૂરી આપી હતી. તેઓએ જાણી જોઈને પગલા લેવામા વિલંબ કર્યો હતો. સાથે સાથેસેનાને પણ ખૂબ મોડેથી બોલાવી હતી. એવો આક્ષેપ પણ કરવામાં આવ્યો હતો કે તેઓ અહેસાન જાફરીની સામે ખતરો હોવાની વાતથી પણ વાકેફ હતા પરંતુ પગલા લીધા ન હતા. મુખ્યમંત્રી તેમની જવાબદારી અદા કરવામાં નિષ્ફળ રહ્યા હતા કે કેમ તે મામલામાં તપાસ કરવા સુપ્રીમ કોર્ટે સીટને સુચના આપી હતી. વર્ષ ૨૦૦૨ની કોમી હિંસા પાછળ તેઓ મોટા કાવતરામાં હતા કે કેમ તેમાં પણ તપાસ કરવા માટે કહેવામાં આવ્યુ હતુ. મેજીસ્ટેરિયલ કોર્ટે કહ્યુ હતુ કે સુપ્રીમ કોર્ટ દ્વારા નિમવવામાં આવેલી સીટને નરેન્દ્ર મોદી અને અન્ય ૫૭ લોકો સામે કોઈપણ પુરાવા મળ્યા નથી. જાકિયા જાફરીની ફરિયાદના ૩૦ દિવસમાં મોદી અને અન્યોની સંડોવણી અંગે અંતિમ અહેવાલ આપવામા કહેવામાં આવ્યુ હતુ. દરમિયાનમાં ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સામે તિરસ્કારની અરજીનો નિકાલ કરી દીધો છે. અમદાવાદના રખિયાલ વિસ્તારમાં તેમની સંપત્તિને થયેલા નુકસાન માટે નુકસાન બદલ કોમી હિંસાગ્રસ્ત લોકોને વળતર આપવા કોર્ટના આદેશો પાળવામાં આવ્યા નથી. તેઓ આક્ષેપ સરકાર ઉપર કરવામાં આવ્યો હતો. હાઈકોર્ટે આ સંબંધમાં યોગ્ય ઓથોરિટી સમક્ષ રજૂઆત કરવા અરજીદારને કહ્યુ હતુ.